सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૮/૧૧/૨૦૧૬ | | |
| દાખલ તારીખ | : | ૧૮/૧૧/૨૦૧૬ | | |
| ફેંસલ તારીખ | : | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૯ | ૦૪ | ૦૭ |

# મે. જંબુસરના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. મુ. જંબુસર.

**ફોજદારી કેસ નંબર : ૧૨૬૮/૨૦૧૬**

**આંક :– ૧૦૧**

**ફરીયાદી :** શ્રી સરકાર,
જંબુસર પોલીસ સ્ટેશન,
તા. જંબુસર, જિ. ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી :**
(૧) કાલીદાસ ચંદ્રસિંહ કોઠીયા,
ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,
(૨) જગદીશસિંહ નટવરસિંહ કોઠીયા,
ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,
બંને રહે. કોરા ખડકી ફળીયું,
તા. જંબુસર, જિ. ભરૂચ.
(૩) પ્રતાપભાઈ રમણભાઈ પરમાર,
ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,
રહે. કહાનવા, બંગલાવગા,
તા. જંબુસર, જિ. ભરૂચ.
(૪) ચંદાબેન ચંદ્રસિંહ કોઠીયા,
ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી,
રહે. કોરા ખડકી ફળીયું,
તા. જંબુસર, જિ. ભરૂચ.

**ગુન્હો : ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબ**

| | |
|---|---|
| // ફરીયાદી તરફે વિ.એ.પી.પી.................. શ્રી વી.આર. પંચાલ // | |
| // આરોપીઓ તરફે વિ.વ........................ શ્રી એન.એમ.રાવલ // | |

**:: જજમેન્ટ ::**

**(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–**

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના ફરીયાદીબેન પોતાની ખેતીમાં કામ કરતા હતા તે દરમ્યાન આ કામના આરોપીઓ ટ્રેકટર લઈને આવેલ અને ફરીયાદીને કહેલ કે આ ખેતર અમારૂ છે તેમ કહી ટ્રેકટર વડે ખેતર ખેડવા લાગેલ જે બાબતે ફરીયાદ સમથે બોલાચાલી ઝપાઝપી કરી ઝપાઝપી દરમ્યાન આરોપી કાલીદાસના હાથમાંની દાંતી ફરીયાદીને અંગુઠાના ભાગે વાગી ગયેલ અને બીજા આરોપીએ ફરીયાદીને માં–બેન સમાણી ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, મહે. જિલ્લા મેજી.શ્રીનાં જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

**(૨) પોલીસ કાર્યવાહી :–**

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ વેડચ પોલીસ સ્ટેશનમાં દાખલ કરતાં વેડચ ગુ. ર. નં. સેકન્ડ ૧૫/૨૦૧૬ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુધ્ધની જંબુસર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપીઓ સામે અત્રેની કોર્ટમાંચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ તેમના વિધ્વાન વકિલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ સદર ગુનો વોરંટ ટ્રાયેબલ હોય તે મુજબની કાર્યવાહી અપનાવવામાં આવેલ અને આરોપીઓ સામે **આંક–૦૨** થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આરોપીઓનું સ્ટેટમેન્ટ અનુક્રમે **આંક–૦૩ થી આંક–૦૬** મુજબ લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

### મૌખીક પુરાવો

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ ઉદેસંગ ભગવાનભાઈ ગોહિલની જુબાની | ૬૪ |
| ૨ | સાહેદ સુશીલાબેન ઉદેસંગ ગોહિલની જુબાની | ૭૨ |
| ૩ | પંચસાહેદ રમેશભાઈ જેસંગભાઈ ઠાકોરની જુબાની | ૭૮ |
| ૪ | પંચસાહેદ નટુભાઈ માયાવંશીની જુબાની | ૮૦ |
| ૫ | પંચસાહેદ ધર્મેન્દ્રસિંહ પ્રવિણ સિંહ સિંધાની જુબાની | ૮૧ |
| ૬ | સાહેદ સુરેશભાઈ અમરસંગ પરમારની જુબાની | ૮૩ |
| ૭ | સાહેદ ડો. કમલેશકુમાર બોનીલાલ સીંગની જુબાની | ૮૬ |
| ૮ | ત.ક.અમલદાર પ્રતાપભાઈ શનાભાઈ ઠાકોરની જુબાની | ૯૧ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૭૯ |
| ૨ | એરેસ્ટ પંચનામુ | ૮૨ |
| ૩ | યાદી | ૮૭ |
| ૪ | મેડીકલ સર્ટીફીકેટ | ૮૮ |
| ૫ | અસલ ડેપ્યુટ હુકમ | ૯૨ |
| ૬ | અસલ ફરીયાદ | ૯૩ |

આ સિવાય ફરીયાદપક્ષે કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીનાં આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

### (૫) બચાવપક્ષનો પુરાવો :–

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીઓનું સી. આર. પી. સી. ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાનાં બચાવમાં કોઈ સાહેદને પણ તપાસેલ નથી. આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે, '' અમારા અને આરોપી વચ્ચે કિ.કેસ નં. ૧૨૬૭/૧૬ ચાલતો હતો. બંને કેસમાં સમાધાન કરેલ અને જે કેસમાં અમો ફરીયાદી હતા તેમાં સમાધાન રજુ કરેલ. પરંતુ ફરીયાદીએ અમારી સામેનો કેસ જાણી બુજીને હેરાન કરવા ચાલુ રાખેલ. આ કેમાં જજમેન્ટની સર્ટીફાઈડ નકલ લિસ્ટથી રજુ છે. ''

### (૬) દલીલો :–

સદર કામે ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી પંચાલની તથા આરોપીઓ તરફે વિ. વ. શ્રી એન.એમ.રાવલની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**મુદ્દા નં.૧** :– શું ફરીયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીબેન પોતાની ખેતીમાં કામ કરતા હતા તે દરમ્યાન આ કામના આોપીઓ ટ્રેકટર લઈને આવેલ અને ફરીયાદીને કહેલ કે આ ખેતર અમારૂ છે તેમ કહી ટ્રેકટર વડે ખેતર ખેડવા લાગેલ જે બાબતે ફરીયાદ સમથે બોલાચાલી ઝપાઝપી કરી ઝપાઝપી દરમ્યાન આરોપી કાલીદાસના હાથમાંની દાંતી ફરીયાદીને અંગુઠાના ભાગે વાગી ગયેલ અને બીજા આરોપીએ ફરીયાદીને માં–બેન સમાણી ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, મહે. જિલ્લા મેજી.શ્રીનાં જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓએ ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

**મુદ્દા નં.૨** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– નકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**મુદ્દા નં.૧**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં સૌપ્રથમ સાહેદ ઉદેસંગ ભગવાનભાઈ ગોહિલને **આંક–૬૪** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેમના પરિવારમાં તેઓ તથા તેમની પત્ની સુશીલાબેન સાથે રહે છે, તેમની માતા નામે બાલુબેન બંગલાવગામાં તેમના ભાઈ અંબાલાલ સાથે રહે છે, તેમને મિલકતમાં

કંઈ છે નહી, સને ૨૦૧૬ના અરસામાં એક દિવસ આશરે બપોરના બારના સમયે તેઓ સરકારી કવાર્ટરમાં હાજર હતા ત્યારે એક વ્યકિત તેમને બોલાવવા આવેલા અને તેમને જણાવેલુ કે, કાળીદાસ ડોડીયા તથા બીજા વ્યકિતઓ તેમના ખેતરમાં તેમની માતાને મારવા માટે આવેલા, જેથી તેઓએ તેમની માતાને ખેતરે જઈને જોયેલ તો તેમને જમણા હાથના અંગુઠાના ભાગે લોહી નીકળેલુ જોયેલુ, જયાં તેઓ સંજયભાઈ, ધીરજભાઈ તથા તેમનો ફોઈનો દીકરો કાળીદાસ ડોડીયા, વિનોદભાઈ, રમણભાઈ તથા વિનોદભાઈના પિતા રમણભાઈ ભગવાનભાઈ ત્યાં હાજર હતા તથા તેમની ભાણકી તથા ભાણેજ જમાઈ મનોજભાઈ પણ ત્યાં હાજર હતા, તે સમયે વિનોદભાઈ રમણભાઈના હાથમાં લાકડી હતી. કાળીદાસભાઈના હાથમાં ધારીયુ તેઓએ જોયેલુ, તેમજ કાળીદાસ ભાઈના કુટુંબી જમાઈ નટુભાઈ કે જેઓના હાથમાં લાકડી હતી તથા ત્યાં સુરેશભાઈ સરપંચ તથા સભ્યશ્રી મહેન્દ્રભાઈ લાલજીભાઈ માત્ર બનાવ જોવા ઉભા રહેલા, આ બનાવ કહાનવા ગામની સીમમાં બંગલાવગાનુ ખેતર જેનો સર્વે/બ્લોક નં. ૫૫૬ ની સુરસંગ દિપસંગ પાસેથી તેમની બહેન જશોદાબેન ભગવાનભાઈએ ખરીદ કરેલી જે ખેતરની જમીનમાં તેમની માતા ત્યાંજ રહેતા હતા ને સાચવતા હતા એટલે ત્યાં હતા, જે જમીન બાબતે કાળીદાસનાઓએ તેઓની માતાનો જમીન હોવાનુ જણાવી દાવો કરેલો અને તે બાબતની તકરાર ખેતરમાં થયેલી, તે બનાવ સ્થળે હતા ત્યારે તેઓ વચ્ચે શું બોલાચાલી થયેલી તે જાણતા નથી, તેઓએ માત્ર આરોપીઓને ભાગી જતા જોયેલા, આ બનાવની ફરીયાદ જે તે સમયે તેમની માતાએ વેડચ પોલીસ સ્ટેશનમાં આપેલી, પોલીસે બનાવ બાબતનો તેમનો જવાબ લીધેલો, તેઓ ઉપરોકત જણાવેલ આરોપીઓને આજરોજ બતાવવામાં આવે તો જોયેથી ઓળખી શકે જે આરોપીઓ નામ. કોર્ટમાં હાજર ન હોવાનુ જણાવેલ છે, તેમની માતા ઉંમરે વયોવૃધ્ધ ૯૫ વર્ષના હોય અને હાલમાં પથારીવશ છે જેઓની હાલમાં તેઓ સેવા કરે છે. જેઓને નામ. કોર્ટમાં લાવી શકાય તેવી સ્થિતી નથી. તેઓ બનાવ સમયે ઉપરોકત આરોપીના હાથમાં જે હથિયારો હતા તે તેમને બતાવવામાં આવે તો ઓળખી શકે, તેમને મુદદામાલ પાવતી નં. ૪૩/૧૬ નો આર્ટીકલ ૧ વાળી દાંતી હથિયાર બતાવવામાં આવે છે જે જોઈને જણાવેલ છે કે, બનાવ

સમયે તેઓએ આ દાંતી નટુભાઈ કે જેઓ કોરાના રહેવાસી છે અને જેઓ રમણભાઈ ભગવાનભાઈના ભાઈઓ ભાઈઓના કુટુંબમાં જમાઈ થતા તેઓના હાથમાં બનાવ સ્થળે જોયેલુ તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે, જે દાંતી હથિયારને માર્ક–એ રજુ થયેલ છે.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ.વ.શ્રીની ઉલટતપાસમાં જણાવે છે કે, તે વાત કબુલ કરેલ છે કે, બાલુબેન તમેની માતા થાય છે અને તે આ કામના ફરીયાદી છે, સુશીલાબે તેમના પત્ની થાય છે, કનુભાઈ મંગળભાઈ તેમના બનેવી થાય છે, તેઓ મુળ ગામેઠા ગામના વતની હોઈ, ગામેઠા મુકામે રહે છે, તેઓએ તેઓની માલીકીનુ ખેતર હોવાનો પુરાવો પોલીસને આપેલો, સર્વે નં. ૫૫૬ વાળા ખેતરમાં ચંદ્દાબેન જેઓ આરોપી નં. ૪ છે તેમનુ નામ ચાલત હતુ અને હાલમાં પણ તેઓનુ નામ રેવન્યુ રેકર્ડમાં ચાલુ છે. સાહેદ ઉલટ તપાસમાં એ વાતની જાણ ન હોવાનુ જણાવેલ છે કે, આરોપી નં. ૪ નાએ ત્યાં મકાન બનાવેલ છે અને તેની મિલકત પ્રોપર્ટી નં. ૨૬૫૨ છે. સદર સાહેદ તેઓને પુછવામાં આવતા પ્રશ્નોના સીધા જવાબો આપવના બદલ સામા પ્રશ્નો વકીલશ્રીને કરતા હોવાથી તેમની વર્તણુંકની જયુડીશયલ નોંધ અત્રેની કોર્ટે હુકમ કરી કરેલી. વધુમાં સાહેદ ઉલટ તપાસમાં જણાવે છે કે, તેમને એ વાતની ખબર નથી કે બ્લોક નં. ૫૫૬ માં ટયુબવેલ આવેલ છે તે ચંદ્રાબેનના નામે અને પંચાયતમાં પણ તેની નોંધ કરવામાં આવેલ છે. વધુમાં સાહેદ એ વાત કબુલ કરે છે કે, આ કામના આરોપી નં. ૧ કાળીદાસ ચંદ્રસિંહ ડોડીયાનાઓએ તેમના તથા તેમની માતા બાલુબેન તથા તેમની પત્ની સુશીલાબેન તથા કનુભાઈ મંગળભાઈનાઓ વિરૂઘ્ઘ પો.સ્ટેમાં ફરીયાદ કરેલી. જેનો ફોજદારી કેસ નં. ૧૨૬૭/૨૦૧૬ જંબુસર કોર્ટમા દાખલ થયેલો. સાહેદની એ વાતની ખબર ન હોવાનુ જણાવેલ છે કે, ફોજદારી કેસ નં. ૧૨૬૭/૧૬ ના કામે કાળીદાસભાઈ સાથે તેમને સમાધાન થયેલુ. વધુમાં સાહેદે કબુલ કરી જણાવેલ છે કે, તેમની સામેના કેસમાં કાળીદાસ ચંદ્રસિંહનાઓએ તથા કાળીદાસભાઈસામેના કેસમાં તેમણે સમાધાનથી કેસનો નિકાલ કરવાનુ નકકી થયેલુ. તેઓ એ વાત કબુલ કરે છે કે, ફોજદારી કેસ નં. ૧૨૬૭/૨૦૧૬ ના કેસમાં સમાધાન થતા કોર્ટ ઘ્વારા તા.

૨૩/૧૧/૨૦૧૭ ના રોજ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરેલો અને તે રીતે કેસનો નિકાલ થઈ ગયેલો. એ વાતની સદર સાહેદને ખબર ન હોવાનુ જણાવેલ છે કે, ફોજદારી કેસ નં. ૧૨૬૭/૧૬ ના કામે તેમણે કાળીદાસભાઈ ચંદ્રસિંહનાઓને દાંતી મારી ઈજા કરેલી, ફોજદારી કેસ નં. ૧૨૬૭/૨૦૧૬ ના કામે પોલીસમાં તેઓએ હથિયાર પંજેટી રજુ કરેલી, તે પંજેટી તેઓએ સામાપક્ષને મારેલી નહી પરંતુ પોલીસ ધ્વારા તેઓને માંગાવામાં આવતા તેઓએ રજુ કરેલ છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, જમીન બાબતે કનુભાઈ મંગળભાઈ સાથે ચંદ્રાબેન દિપસંગને સમાધાન થઈ ગયેલુ. તેઓ એ વાત કબુલ કરે છે કે, તેમની બહેન જશોદાબેને આ જમીન બાબતે ચંદ્રાબેન વિરૂધ્ધ કોર્ટમાં દાવો દાખલ કરેલો, તેઓ એ વાત કબુલ કરે છે કે, તેમની બહેન જશોદાબેન ગુજરી જવાથી કોર્ટ ધ્વારા દાવો કે જેનો નં. રે.દિ.મુ.નં. ૧૬૩/૨૦૧૩ વારસો રેકર્ડ પર ના લાવવાના કારણે એબેટ કરેલો. એ વાતની ખબર ન હોવાનુ જણાવેલ છે કે ચંદ્રાબેન રે.મુ. નં. ૧૫૬/૧૩ થી સુરસંગ મંજુલાબેન, સંજયભાઈ અને કનુભાઈ મંગળભાઈ સાથે સીવીલ દાવો કરેલો કે કેમ ? તેઓ એ વાત કબુલ કરે છે કે, કહાનવા મુકામે મોટા ભાગના લોકો ખેતરમાં જ મકાનનો બનાવીને રહે છે. બનાવ સમયે વીસ થી પચ્ચીસ માણસોનુ ટોળુ ભેગુ થયેલુ, એ વાતની તેમને ખબર ન હોવાનુ જણાવે છે કે આરોપી ખેતરમાં ઘર બનાવીન રહેતા અને ખેતી કરતા હતા અને તેઓના ઉપર ખોટી રીતે હુમલો કરેલો. તેઓ એ વાત કબુલ કરે છે કે, કાળીદાસ ભાઈ અવાર નવાર ખેતરમાં આવતા હોય એટલે તેઓ તેમને ઓળખે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં વિનોદભાઈ રમણભાઈ, રમણભાઈ ભગવાનભાઈ તથા સં જયભાઈ ધીરજભાઈનાઓનુ નામ લખાવેલ નથી. તેઓને એ વાતની ખબર ન હોવાનુ જણાવેલ છે કે, તેમણે આરોપી કાળીદાસને હથિયારથી મારેલુ, સામાવાળાના કેસમાં સમાધાન કરી લીધેલ હોવા છતાં આરોપી વિરૂધ્ધ ખોટી જુબાની આપે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, બનાવ સમયે તેમની માતાને કોણે અને કેવી રીતે માર્યુ તે તેમને નજરે જોવાનુ બનેલ નથી. એ વાતની તેમણે ખબર નથી કે, પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે, તેઓને પણ તેમની સાથે ઝપાઝપી કરતા તેમના હાથમાંની

દાંતી કાળીદાસના ડાબા હાથની આંગળી પર વાગી ગયેલી.

**(૧૦)** ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ સુશીલાબેન ઉદેસંગ ગોહિલને **આંક–૭૨** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેણીએ તારીખ યાદ નથી, પરંતુ વર્ષો પહેલા તેણી ખેત મજુરીએ કાભઈ પરષોત્તમભાઈના ખેતરમાં ગયેલ, આ જે ખેતર હતુ તે ખેતરમાંથી તેણીની નણંદ કૈલાસબેને સંજયભાઈ ધીરજભાઈ પાસેથી વેચાણમાં રાખેલુ, તે ખેતરમાં તે સમયે બાજરી અને ચોરીનુ વાવેતર હતુ, તેણીને મનોજભાઈ શીવાભાઈ બોલવાતા તેઓ તે ખેતરમાં સાંજના પાંચ વાગે ગયેલા, તેણીની ત્યાં પહોચેલા ત્યારે તેણીની સાસુ બાલુબેનને કોઈ ત્યાં થી મારીને જતુ રહેલુ, તેણીએ જોયેલ તો તેઓને હાથે તથા માથના ભાગે વાગેલ હતુ અને ટુટીયુ વાળીને પડેલ હતા, જેથી તેણીને તેણીની સાસુને તેણીની નણંદ કૈલાશબેન તથા નણંદોઈ કનુભાઈ મંગળભાઈ તથા તેણીના પતિ ઉદેસંગભાઈ અને તેણી ગજેરા સીવીલ હોસ્પિટલમાં તેણીને સારવાર અર્થે લઈ ગયેલા, જયાં તેઓને સારવારમાં પાટા પીંડી કરીને તેઓને વેડચ પોલીસ સ્ટેશન લઈ ગયેલા, જયાં વેડચ પોલીસ સ્ટેશને તેણીના પતિ અને કનુ મંગળને બેસાડેલા અને બીજા દીવસે તેઓને છોડાવી લાવેલા કારણ કે સામાપક્ષે પણ તેઓ ઉપર કેસ કરેલ હતો. આ બાબતઓ તેણીનાઓએ કેસ કરેલ નહી, આ બનાવમાં તેણીની હાજર ન હતી જેથી તેનાથી તેણીનાઓ પુરા માહિતગાર છે નહ કારણ કે તેણીનીઅ તે નજરે જોયેલ નથી, તે બનાવ બાબતે તેણીને કઈ જાણવા પણ મળેલુ નહી, પોલીસે તેણીની કોઈ પુછપરછ કરેલ હોય તેવુ બનેલ નથી. હવે તેણીની એવુ જણાવે છે કે, બીજા દિવસે પોલીસે તેણીને તેણી સાસુ સાથે બનાવ અંગે પુછતાછ કરેલી, જેમાં તેણીએ એવુ જણાવેલ કે, તેણીની સાસુ ખેતરમાં પડેલ હતા અને તેણીની તેઓને દવાખાને સારવાર માટે લઈ ગયેલા, તેણીની સાસુ અત્યારે તેણીના ઘરે પથારીવશ હાલતમાં છે, જેઓની અંદાજીત સો વર્ષ જેટલી ઉંમર છે અને તેઓ આ કામે જુબાની આપવા આવી શકે તેવી પરિસ્થિતીમાં નથી. તેણી તેઓની હાલમાં યથાશકિત સેવા કરે છે.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, તેણી એ વાત કબુલ કરે છે કે, ઉદેસંગભાઈ તેણીના પતિ થાય છે અને કનુ મંગળભાઈ તેણીના નણંદોઈ થાય છે, તેણી ગામ ગામેઠા, તા. પાદરા મુકામે રહે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, જે ખેતર આવેલ છે તેના રેવન્યુ રેકર્ડમાં પણ આરોપી નં.૪ ચંદાબેન દિપસંગનુ નામ ચાલે છે, તેઓ એ વાત કબુલ કરે છે કે, આ ખેતરમાં આવેલ ટયુબવેલ પંચાયત રેકર્ડમાં ચંદાબેનના નામે ચાલે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, આ કામના આરોપી નં. ૧ કાળીદાસ ચંદ્રસિંહ ડોડીયાનાઓએ તેણી તથા તેણીની સાસુ બાલુબેન તથા તેણીના પતિ ઉદેસંગભાઈ તથા કનુભાઈ મંગળભાઈનાઓ વિરૂધ્ધ વેડચ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી જેનો ફોજદારી કેસ નં. ૧૨૬૭/૨૦૧૬ જંબુસર કોર્ટમાં દાખલ થયેલો. તેઓ એ વાત કબુલ કરે છે કે, ફોજદારી કેસ નં. ૧૨૬૭/૨૦૧૬ ના કામે કાળીદાસભાઈનાઓએ તેણીનાઓ સાથે સમાધાન કરેલુ, તેઓ એ વાત કબુલ કરે છે કે, ફોજદારી કેસ નં. ૧૨૬૭/૨૦૧૬ કામે સમાધાન થતા કોર્ટે તેઓને નિર્દોષ છોડી મુકી તેઓને કેસ પુરો કરેલો, એ વાતની તેમને ખબર નથી કે, તેમની નણંદ સંજય ધીરજ પાસેથી ખેતર વેચાણે લીધેલુ, તેઓ એ વાત કબુલ કરે છે કે, બનાવ સમયે તેણી ગામેઠા મુકામે રહેતા હોય અને બનાવ દરમ્યાન તેણી હાજર ના હોય જેથી બનાવ અંગેની તેણીને કોઈ જાતમાહિતી નથી, એ વાતની તેણીને ખબર નથી કે, કાળીદાસભાઈને પણ હાથમાં ઈજા થયેલી, તેઓ એ વાત કબુલ કરે છે કે, તેણીની નણંદ કૈલાસબેને આરોપી નં. ૪ ચંદાબેન દિપસંગ સામે પણ સિવીલ દાવો કરેલો. તેઓ એ વાત કબુલ કરે છે કે, તેણીની નણંદ ગુજરી જવાથી આ દાવો બંધ થઈ ગયેલો.

**(૧૧)** ત્યારબાદ, ફરીયાદપક્ષે પંચ સાહેદ રમેશભાઈ જેસંગભાઈ ઠાકોરને **આંક–૭૮** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૬–૧૭ ના અરસામાં એકવાર વેડચ પોલીસે તેમને એક લખેલ તૈયાર પંચનામામાં કહાનવા ગામની ભાગેળે ઉભેલ હતા ત્યારે સહી કરવાનુ કહેતા તેઓએ તેમાં સહી કરેલી. તે પંચનામામાં શું લખેલ હતું, શાં બાબતનું હતું તે તેઓ જાણતા નથી. તે પંચનામામાં સહી

સિવાય તેઓ કઈ જાણતા નથી. પોલીસ કોઈ પંચકાર્યવાહી કરવા માટે તેમને બોલાવેલ હોય કે તેમની રૂબરૂ કોઈ પંચનામાની કાર્યવાહી કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓને ગુનાવાળી જગ્યાનુ પંચનામું બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય, જે પંચનામું **આંક–૭૯** થી રજુ કરવામાં આવેલ છે. સદર પંચ સાહેદ પંચનામાની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે.

**(૧૨)** ત્યારબાદ, ફરીયાદપક્ષે પંચ સાહેદ નટુભાઈ શીવાભાઈ માયાવંશીને **આંક–૮૦** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૬–૧૭ ના અરસામાં એકવાર વેડચ પોલીસે તેમને એક લખેલ તૈયાર પંચનામામાં કહાનવા ગામના રસ્તે ઉભેલ હતા ત્યારે કરવાનુ કહેતા તેઓએ તેમાં સહી કરેલી, તે પંચનામામાં શું લખેલ હતું, શાં બાબતનું હતું તે પણ તેઓને પોલીસે જણાવેલ નહી. તેઓએ માત્ર સહી કરેલી. પોલીસે કોઈ પંચનામા અર્થે તેઓએ કોઈ જગ્યા પર બોલાવેલ હોય અને પોલીસે તેઓ પંચો રૂબરૂ કોઈ કાર્યવાહી કરેલી હોય તેવું બનેલ નથી. તેઓન આંક–૭૯ વાળુ એક અસલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવતા તેમાં તેઓની ઓળખી બતાવે છે. તેઓ સહી સિવાય કાંઈ જાણતા નથી. સદર પંચસાહેદ પંચનામાની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે.

**(૧૩)** ત્યારબાદ, ફરીયાદપક્ષે પંચ સાહેદ ધમેન્દ્રસિંહ પ્રવિણસિંહ સિંધાને **આંક–૮૧** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૬–૧૭ ના અરસામાં એકવાર વેડચ પોલીસ સ્ટેશને તેમના ગામના જગદીશભાઈ નટવરભાઈ ડોડીયાનાઓને જામીન આપવાના હોય તેઓ પોલીસ સ્ટેશને ગયેલા. ત્યારે પોલીસે એક લખેલ તૈયાર પંચનામામાં તેમને સહી કરવાનુ કહેતા તેઓએ તેમાં સહી કરેલી, તેઓની હાજરીમાં પોલીસ કોઈ ઈસમોની શરીર સ્થિતીનુ પંચનામુ કે અટક પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે પંચકાર્યવાહીમાં તેઓ પંચો રૂબરૂ કોઈ ઈસમ પાસેથી

કોઈ પ્રકારનુ હથિયાર કબજે લીધેલુ હોય તેવુ પણ બનેલ નથી. તેઓને આંક–૮૨ વાળુ અટક પંચનામુ બતાવવામાં આવતા તેમાં તેઓની ઓળખી બતાવે છે. તેઓ સહી સિવાય કાંઈ જાણતા નથી. સદર પંચસાહેદ પંચનામાની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે.

(૧૪) ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ સુરેશભાઈ અમરસંગ પરમારને **આંક–૮૩** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ કહાનવા ગામે, બંગલાવગામાં જન્મથી જ રહે છે. તેઓ કહાનવા ગામના પ્રતાપભાઈ રમણભાઈનાઓને ઓળખે છે. તેઓ કાળીદાસ ચંદ્રસિંહને ચંદાબેન ચંદ્રસિંહ, જગદીશભાઈ નટવરસિંહ નામના કોઈ ઈસમોને ઓળખતો નથી કે તેઓને તેમને કયારેય મેળવાનો કે જોવાનો પ્રસંગ બનેલ નથી. પ્રતાપભાઈ રમણભાઈ પરમાર તેમના વગાના થતા હોય તેઓ તેમને ઓળખે છે. તેમના વગામાં કોઈ સમયે કોઈ અણબનાવ બનેલ હોય અને તેઓએ જોયેલ હોય કે પાછળથી પણ જાણેલ હોય તેવુ પણ બનેલ નથી. તેમના વગામાં કોઈ ઈસમને કોઈ બનાવના કારણે કોઈ પ્રકારે ઈજા થયેલ હોય તેવુ તેઓ જાણતા નથી કે જોયેલ નથી. પોલીસે કોઈ બનાવ બાબતની પુછપરછ તેમની પાસે કરવા આવેલ હોય તેવુ બનેલ નથી. તેઓ કાળીદાસ ચંદ્રસિંહ ડોડીયા, જગદીશ નટવરસિંહ ડોડીયા, ચંદાબેન ચંદ્રસિંહ ડોડીયા, પ્રતાપભાઈ રમણભાઈ પરમારનાઓને જોયેથી ઓળખી શકે. જેઓ પૈકી આરોપી ચંદાબેન આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી અને કાળીદાસ ચંદ્રસિંહ ડોડીયા, જગદીશ નટવરસિંહ ડોડીયા, પ્રતપભાઈ રમણભાઈ પરમારનાઓ આજરોજ નામ. કોર્ટમાં હાજર છે તે જ છે. જેમને તેઓ ઓળખે છે. આ આરોપીઓને કોઈ સમયે કોઈ વ્યકિત સાથે કોઈ અણબનાવ બનેલ હોય અને તેઓએ તે જોયેલ હોય તેવુ બનેલ નથી. તેમ જણાવી સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે.

(૧૫) ત્યારબાદ, ફરીયાદપક્ષે સાહેદ ડો. કમલેશકુમાર બોનીલાલ સીંગને **આંક–૮૬** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ

એમ.બી.બી.એસ. ની ડીગ્રી ધરાવે છે. તેઓ ગજેરા પી.એચ.સી. સેન્ટરમાં છેલ્લા વીસ વર્ષથી મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. ગઈ તા. ૨૧/૬/૨૦૯૧૬ ના રોજ તેઓ તેમની ફરજ પર પી.એસ.સી. સેન્ટર ગજેરા પર હાજર હતા ત્યારે વેડચ પોલીસ સ્ટેશનની યાદી સાથે ફરીયાદી ઈજા પામનાર બાલુબેનનાઓ તેમની પાસે આવેલા. આ દર્દીને હિસ્ટ્રી પુછતા જણાવેલ કે, તેઓ સાથે મારપીટ થયેલ છે અને તે કારણે તેઓને જમણા અંગુઠા ઉપર ઈજા થયેલી હતી. તેઓએ તેણીને તપાસતા આ મુજબની ઈજાઓ તેમને જણાયેલી. (૧) તેણીને જમણા હાથના અંગુઠા ઉપર ૦.૫ સે.મી. લંબાઈ, ૦.૫ સે.મી. પહોળાઈનો ચામડી ઉપર ઘસરકો હતો. જે તાજી તથા સાદી ઈજા હતી અને સાત દિવસમાં રૂઝ આવે તેવી હતી. જેનો કલર રેડ–બ્રાઉન હતો. તેઓએ તેણીની સારવાર કરીને તેણીને તેણીના ઘરે મોકલી આપેલા અને આ બાબતનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ લખીને તેઓએ તેમની પાસે પોલીસ તપાસના કામે માંગતા આપેલુ. જે સર્ટીફીકેટ આ કામે આંક–૮૮ થી રજુ રાખવામાં આવેલ છે. તેમને પોલીસ તપાસના કામે એક યાદી બતાવવામાં આવે છે. જે તે જ યાદી છે જે સારવાર કરવા સમયે તેઓની સમક્ષ લઈને આવેલા. જે યાદી આ કામે આંક–૮૭ થી રજુ રાખેલ છે. તેઓના અભિપ્રાય મુજબ આ દર્દીને થયેલ ઈજા લાકડી કે બોથડ પદાર્થ ધ્વારા થઈ શકે તે પ્રકારની ઈજાઓ હતી.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, તેમની એમ.એલ.સી. સર્ટીફીકેટમાં આ દર્દીની બનાવની હિસ્ટ્રી લખવાનો પ્રસંગ બનેલ નહી. તેઓ એ વાત કબુલ કરે છે કે, આ દર્દીને થયેલ ઈજા સામાન્ય પ્રકારની હતી. દર્દીની પ્રાથમિક સારવારમાં નર્સ ધ્વારા ઈજાવાળી જગ્યા પર ડ્રેસીંગ કરેલ અને ત્યારબાદ ટી.ટી.નુ ઈન્જેકશન તેઓ ધ્વારા આપી દર્દીની ટ્રીટમેન્ટ કરવામાં આવી.

**(૧૬)** ત્યારબાદ, ફરીયાદપક્ષે ત.ક.અધિકારી/એ.એસ.આઈ. પ્રતાપભાઈ શનાભાઈ ઠાકોરને **આંક–૯૧** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૧/૬/૨૦૧૬ ના રોજ બપોરના પો.સ્ટે. અમલદાર શ્રી ભોગીલાલ રામસીંગભાઈ

તરફથી ગુ.ર.નં. સેકન્ડ ૧૫/૨૦૧૬, ઈ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેઓને ડેપ્યુટ હુકમ તથા ફરીયાદીની ફરીયાદ સાથે સોંપતા તેઓએ તપાસ સંભાળી લઈ આ કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બે પંચો રૂબરૂ તેમજ આરોપીની અટકનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલ તેમજ આરોપી નં. ૧ કાળીદાસ ચંદ્રસિંહ ડોડીયાનાઓએ ગુનામાં વપરાયેલ દાંતી રજુ કરતા કબજે કરવામાં આવેલ. તેમજ તેઓની રૂબરૂનુ કરી સદર આરોપીઓને મુદત અંદર નામ. કોર્ટમાં રજુ કરેલ અને આ કામે લાગત વળતા સાહેદોના નિવેદનો નોંધી તથા આ કામે ભોગ બનનાર ફરીયાદી ઈજા પામેલ હોય તેણીએ પી.એચ.સી. ગજેરા મુકામે સારવાર મેળવેલ હોય તે અંગેનુ ઈજા પામનારનુ સારવાર સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખી તેઓને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામ. કોર્ટમાં રજુ કરેલ. તેમન પોલીસ પેપર્સમાંથી હુકમ બતાવવામાં આવે છે. જે તેઓ જોયેથી ઓળખી શકે. જે આ કામે આંક–૯૨ થી રજુ રાખેલ છે. તેમને આંક–૭૯ તથા આંક–૮૨ વાળુ પંચનામુ બતાવવામાં આવતા તેમાં પંચોની સહીઓ તેમજ રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે. તેમને ફરીયાદ બતાવવામા આવતા તેમાં ગુનાની તપાસ તેઓએ કરેલી અને તેમાં ફરીયાદીના જમણા અંગુઠાનુ નિશાન છે તે ફરીયાદ લેનાર તરીકે તેઓના પો.સ્ટે. ના પી.એસ.ઓશ્રી. બી.આર.વસાવાનાઓનીસહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે ફરીયાદ આ કામે આંક–૯૩ થી રજુ રાખેલ છે. તેમને માર્ક એ વાળુ હથિયાર દાંતી બતાવવામાં આવે જે જોઈને તઓ કહે છે કે સદર ગુનાની તપાસ દરમ્યાન તેઓએ આરોપી કાળીદાસ ડોડીયાનાઓને અટક કરેલ અને તે અટક દરમ્યાન તેઓએ સદરહુ માર્ક એ વાળુ હથિયાર દાંતી રજુ કરતા પંચનામાની વિગતે તેઓ પાસેથી રીકવર કરેલ તે જ દાંતી છે જે તેઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ, તેઓ આરોપીઓનાં વિ. વ. શ્રીની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, તેઓએ વેડચ પોલીસ સ્ટેશનમાં બે વર્ષ નોકરી કરેલ. તેઓ એ વાત કબુલ કરે છે કે, વેડચની ભૌગોલિક પરિસ્થિતીથી તેઓ સારી રીતે વાકેફ છે. તેઓને એ વાતની ખબર

નથી કે, કહેવાતા બનાવ બાબતે સામસામે ફરીયાદ થયેલી. સામેની ફરીયાદનો એફ.આઈ.આર. નં. વેડચ પો.સ્ટે. ગુ.રજી. નં. સેકન્ડ ૧૬/૨૦૧૬ હતો કે કેમ તે તેમને હાલ યાદ નથી. હવે તેઓ કહે છે કે, વેડચ પો.સ્ટે. ગુ.રજી. નં. સેકન્ડ ૧૬/૨૦૧૬ ની તપાસ પણ તેઓએ કરેલી. વેડચ પો.સ્ટે. ગુ.રજી. નં. સેકન્ડ ૧૬/૨૦૧૬ ના કામે તેઓએ ફરીયાદી બાલુબેન ભગવાન, ઉદેસંગ ભગવાન, કનુભાઈ મંગળભાઈ અને સુશીલાબેન ઉદેસંગનાઓને અટક કરીને નામ. કોર્ટમાં રજુ કરેલા. તેઓ એ વાત કબુલ કરે છે કે, આ કામે ઉદેસંગ ભગવાનનો પણ જવાબ લીધેલો. તેઓ એ વાત કબુલ કરે છે કે, ઉદેસંગ ભગવાનના પોલીસ નિવેદનમાં એવુ લખેલ કે, ઝપાઝપી કરતી વખતે કાલીદાસ ના ડાબા હાથની આંગળી ઉપર તેઓથી દાંતી વાગી ગયેલી. તેઓ એ વાત કબુલ કરે છે કે, કહેવાતી ગુનાવાળી જગ્યાના માલિક અંગેનો પુરાવા તરીકે રેવન્યુ રેકર્ડ તેમને લેવાનો પ્રસંગ બનેલ નથી. તેઓ એ વાત કબુલ કરે છે કે, આ કામના સાહેદો ફરીયાદી ગામેઠા મુકામે રહે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, કહાનવા મુકામે મોટા ભાગના લોકો ખેતરોમાં મકાનો બનાવીને રહે છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, આજુબાજુ વગા આવેલા હોય વસ્તીવાળો વિસ્તાર છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, આજુબાજુના રહીશોના સ્વતંત્ર સાહેદોના નિવેદનો લધેલા નથી. તેઓ એ વાત કબુલ કરે છે કે, દાંતી, વાંસી અને ધારીયુ ત્રણેય વસ્તુઓ અલગ અલગ છે. તેઓ એ વાત કબુલ કરે છે કે, વેડચ પો.સ્ટે.ગુ.ર.નં. સેકન્ડ ૧૬/૨૦૧૬માં તેઓએ ઉદેસંગ ભગવાન પાસેથી દાંતી રીકવર કરેલ છે.

**(૧૭)** ઉપરોકત મુજબનાં રેકર્ડ ઉપરનાં પુરાવાની વિ.વ.શ્રીઓની દલીલ સાથે ચર્ચા કરતા સૌ પ્રથમ આ કામના આરોપીઓ ટ્રેકટર લઈને આવેલ અને ફરીયાદીને કહેલ કે આ ખેતર અમારૂ છે તેમ કહી ટ્રેકટર વડે ખેતર ખેડવા લાગેલ જે બાબતે ફરીયાદ સમથે બોલાચાલી ઝપાઝપી કરી ઝપાઝપી દરમ્યાન આરોપી કાલીદાસના હાથમાંની દાંતી ફરીયાદીને અંગુઠાના ભાગે વાગી ગયેલ અને બીજા આરોપીએ ફરીયાદીને માં–બેન સમાણી ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી

આપી, એકબીજાને મદદગારી કરી, મહે. જિલ્લા મેજી.શ્રીનાં જાહેરનામાનો ભંગ કરી, સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા પહોંચાડી ઈજાઓ કરેલ કે કેમ ? તે બાબતે ચર્ચા કરવામાં આવે તો, આ કામે **આંક–૭૯** થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનાં પંચનામાના પંચ સાહેદને **આંક–૭૮ અને આંક–૮૦** થી તથા **આંક–૮૨** થી રજુ થયેલ અટક પંચનામાનાં પંચ સાહેદને **આંક–૮૧** થી તપાસેલ છે, સદર તમામ પંચ સાહેદોએ ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય હોસ્ટાઈલ જાહેર થયેલ છે. આમ, ઉકત **આંક–૭૯ અને આંક–૮૨** થી રજુ થયેલ પંચનામાઓ ફરીયાદપક્ષ ધોરણસર રીતે પુરવાર કરી શકેલ નથી. આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો ઘ્યાને લેતા ફરીયાદીને આ કામે તપાસવામાં આવેલા નથી અને તેના કારણમાં તેઓ શારીરિક અસ્વસ્થતાના કારણે નામ. કોર્ટમાં આવી જુબાની આપી શકે તેવી અવસ્થામાં ન હતા. આમ, આ કામે મહત્વના સાહેદ એવા ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષ ઘ્વારા રેકર્ડ પર ઉપલબ્ઘ કરી શકાયેલ નથી. વઘુમાં આ કામે **આંક–૬૪** થી સાહેદ ઉદેસંગ ભગવાનભાઈ ગોહિલ કે જેઓ ફરીયાદીનાં પુત્ર છે, તેઓને સોગંદ ઉપર તપાસેલ છે, સદર સાહેદની સરતપાસ ઘ્યાને લેતા, તેઓ તેમની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થન કરવાના ભાગ રૂપે જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ આશરે બપોરના બારના સમયે સરકારી કવાર્ટરમાં હાજર હતા ત્યારે એક વ્યકિત તેમને બોલાવવા આવેલા અને તેમને જણાવેલુ કે, કાળીદાસ ડોડીયા તથા બીજા વ્યકિતઓ તેમના ખેતરમાં તેમની માતાને મારવા માટે આવેલા. જેથી તેઓએ તેમની માતાને ખેતરે જઈને જોયેલ તો તેમને જમણા હાથના અંગુઠાના ભાગે લોહી નીકળેલુ જોયેલુ. જયાં તેઓ સંજયભાઈ, ધીરજભાઈ તથા તેમનો ફોઈનો દીકરો કાળીદાસ ડોડીયા, વિનોદભાઈ, રમણભાઈ તથા વિનોદભાઈના પિતા રમણભાઈ ભગવાનભાઈ ત્યાં હાજર હતા તથા તેમની ભાણકી તથા ભાણેજ જમાઈ મનોજભાઈ પણ ત્યાં હાજર હતા. તે સમયે વિનોદભાઈ રમણભાઈના હાથમાં લાકડી હતી. કાળીદાસભાઈના હાથમાં ધારીયુ તેઓએ જોયેલુ. તેમજ કાળીદાસ ભાઈના કુટુંબી જમાઈ નટુભાઈ કે જેઓના હાથમાં લાકડી હતી. પરંતુ સાથે તેઓએ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓ

જયારે બનાવ સ્થળે પહોંચ્યા ત્યારે તેઓ વચ્ચે શું બોલાચાલી થયેલી તે તેઓ જાણતા નથી. તેઓએ માત્ર આરોપીઓને ત્યાંથી ભાગી જતા જોયેલા. જયારે સદર સાહેદની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, તેઓ એ હકિકત સ્પષ્ટપણે કબુલ કરે છે કે, બનાવ સ્થળે તેમની માતાને કોણે અને કેવી રીતે માર્યુ તે તેમને નજરે જોવાનુ બનેલ નથી. વધુમાં તેઓ ઉલટ તપાસમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં વિનોદભાઈ રમણભાઈ, રમણભાઈ ભગવાનભાઈ તથા સંજયભાઈ ધીરજભાઈનાઓનુ નામ લખાવેલ નથી. વધુમાં સદર સાહેદે કબુલ કરેલ છે કે, આરોપીઓએ તેમની તથા તેમની માતા બાલુબેન તથા તેમની પત્ની સુશીલાબેન તથા કનુભાઈ મંગળભાઈનાઓ વિરૂધ્ધ વેડચ પો.સ્ટે.માં ફરીયાદ કરેલી. જેનો ફોજદારી કેસ નં. ૧૨૬૭/૧૬ જંબુસર કોર્ટમાં દાખલ થયેલો. વધુમાં સાહેદે ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે તેમની સામેના કેસમાં કાળીદાસભાઈ ચદ્રસિહનાઓએ તથા કાળીદાસભાઈ સામેના કેસમાં તેમણે સમાધાનથી કેસનો નિકાલ કરવાનુ નકકી કરેલુ, ફોજદારી કેસ નં. ૧૨૬૭/૧૬ ના કેસમાં સમાધાન થતાં કોર્ટ ધ્વાર તા ૨૩/૧૧/૧૭ ના રોજ તેઓને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલો અને તે રીતે કેસનો નિકાલ થઈ ગયેલો. આમ, સાહેદના ઉપર મુજબના પુરાવાથી આરોપી અને ફરીયાદી વચ્ચે સામસામે ફરીયાદો થયેલી અને જંબુસર કોર્ટમાં સામસામા કેસો પણ દાખલ થયેલા. જે પૈકી ફોજદારી કેસ નં . ૧૨૬૭/૧૬ ના કેસમાં હાલના ફરીયાદી તથા સાહેદો કે જેઓ તે કેસમાં આરોપીઓ હતા તેમણે હાલના કેસના આરોપીઓ કે જે તે કેસમાં ફરીયાદી હતા તેમની સાથે સમાધાન કરેલુ અને સમાધાનની રૂએ હાલના ફરીયાદી તથા સાહેદોએ પોતાની સામેના કેસમાં સમાધાનથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ જંબુસર કોર્ટમાંથી મેળવેલો જેની નકલ આરોપીઓ તરફે આ કામે આંક–૯૬ થી જજમેન્ટની નકલ તથા આંક–૯૯ થી ફોજદારી કેસ નં. ૧૨૬૭/૧૬ ના કામે પક્ષકારોએ કરેલ સમાધાન પુરસીસની સર્ટીફાઈડ નકલ આ કામે રજુ કરેલ છે. આમ, હાલના ફરીયાદી કે જેઓ વયોવૃધ્ધ અને શારીરિક અસ્વસ્થતાના કારણે પુરાવો આપવા અસમર્થ હોવાથી હાજર રહી શકેલ નથી, જેમના તરફે તેમના પુત્ર યાને કે સદર સાહેદ ઉદેસંગભાઈનાઓએ આરોપીઓ સાથે અગાઉ કરેલ સમાધાનમાંથી

ફરી જવાનો પ્રયત્ન કરેલ હોવાનુ પણ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. સદર સાહેદનો સરતપાસનો પુરાવો જોવામાં આવે તો આરોપીઓ સાથે તેમણે કરેલ સમાધાનમાંથી તેઓએ ફરી જવાનો પ્રયત્ન કરેલ હોવાનુ સ્પષ્ટપણે જણાય છે, જયારે સાહેદનો ઉલટ તપાસનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો આરોપીઓ અને ફરીયાદી તથા સાહેદો વચ્ચે અગાઉ થયેલ સમાધાન તથા સમાધાનની રૂએ તેમની તકરારોનુ કાયમી નિરાકરણ લાવેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આમ, હાલના સાહેદ ધ્વારા જે પુરાવો સરતપાસમાં રજુ થયેલ છે તે પુરાવો સાહેદની ઉલટ તપાસને ધ્યાને લેતા માની શકાય નહી. વધુમાં આ કામે સદર સાહેદે પોલીસે રીકવર કરેલ મુદદામાલને ઓળખી બતાવેલ છે, જે અંગે જોવામાં આવે તો હાલના સાહેદે અગાઉના સમાધાનમાંથી ઈરાદાપૂર્વક ફરી જવા તેમજ આરોપીઓને સજા કરાવવાના ભાગરૂપે તે મુદદામાલ ઓળખી બતાવેલ હોય તેવુ પણ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. વધુમાં આ કામે **આંક–૭૨** થી સાહેદ સુશીલાબેન ઉદેસંગ ગોહિલ કે જેઓ ફરીયાદીનાં પુત્રવધુ છે, તેઓને સોગંદ ઉપર તપાસેલ છે, સદર સાહેદની સરતપાસ ધ્યાને લેતા, તેઓ તેમની સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે પરંતુ તેઓ તેમની સરતપાસમાં એ હકીકત પણ જણાવે છે કે, આ બનાવમાં તેણીની હાજર ન હતી જેથી તેનાથી તેણીનાઓ પુરા માહિતગાર નથી, કારણ કે તેણીનીએ તે બનાવ નજરે જોયેલ નથી. તે બનાવ બાબતે તેણીને કઈ જાણવા પણ મળેલુ નહી. વધુમાં તેણીની તેની ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવ સમયે તેણી ગામેઠા મુકામે રહેતી હોય અને બનાવ દરમ્યાન તેણી હાજર ના હોય જેથી બનાવ અંગેની તેણીને કોઈ જાતમાહિતી નથી. વધુમાં આ કામે **આંક–૮૩** થી સાહેદ સુરેશભાઈ અમરસંગ પરમારનાઓને સોગંદ ઉપર તપાસેલ છે, સદર સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો સદર સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. વધુમાં તેમજ **આંક–૮૬** નાં ડો. સાહેદ કમલેશકુમાર બોનીલાલ સીંગ ફરીયાદીને હિસ્ટ્રી પુછતા દર્દી/ફરીયાદી દવારા જણાવેલ કે, તેઓ સાથે મારપીટ થયેલ

છે અને તે કારણે તેઓને જમણા અંગુઠા ઉપર ઈજા થયેલી હતી. તેવી હકિકત જણાવેલ, પરંતુ સદર માર કોણે મારેલ તેવી કોઈ હકિકત જણાવેલ હોય તેવું જણાઈ આવતું નથી. આમ, ફરીયાદીને ઈજા દાંતી વડે થયેલ તે બાબતે વિરોધાભાષ રેકર્ડ ઉપર આવેલ છે અને ડો. સાહેદએ ફરીયાદીને પુછેલ હિસ્ટ્રીમાં આ કામના આરોપીએ હથિયાર વડે માર મારેલ હોય તેવી કોઈ હકિકત ફરીયાદીએ જણાવેલ ન હોવાનું પણ જણાઈ આવે છે. વધુમાં તેમની સરતપાસમાં એવુ પણ જણાવેલ છે કે તેમના અભિપ્રાય પ્રમાણે આ દર્દીને થયેલ ઈજા લાકડી કે બોથડ પદાર્થ ધ્વારા થઈ શકે તે પ્રકારની ઈજાઓ હતી જયારે તેમની ઉલટ તપાસમાં એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ દર્દીને થયેલ ઈજા સામાન્ય પ્રકારની હતી. સદર સાહેદનો પુરાવો જોતા ઈજા પામનારને ઈજા થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ તે ઈજા હાલના આરોપીઓએ જ કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. વધુમાં તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના એમ.એલ.સી. સર્ટીફીકેટમાં આ દર્દીની બનાવની હિસ્ટ્રી લખવાનો પ્રસંગ બનેલ નહી. આ દર્દીને થયેલ ઈજા સામાન્ય પ્રકારની હતી. આમ, ઈજા પામનારે મેડીકલ સારવાર લેતી વખતે કોઈ ઈજા અંગેની હિસ્ટ્રી આપેલ ન હોવાથી ઈજા પામનારને જે ઈજા થયેલ છે તે હાલના આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ છે, તેવુ કહી શકાય નહી. વધુમાં આ કામે આંક–૮૮ થી જે મેડીકલ સર્ટીફીકટ ઈજા પામનારનુ રજુ થયેલ છે તે ઈજા પામનારનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર રજુ કરી શકેલ નથી. જેથી પણ ઈજા પામનારને જે ઈજા થયેલ છે હાલના આરોપીઓએ નિપજાવેલ છે કે કેમ તે હકીકત પુરવાર થતી નથી. વધુમાં **આંક–૯૧** થી તપાસેલ ત.ક.અધિકારીનો પુરાવો જોવામાં આવે તો, તેઓએ તેમની ફરજમાં આવતી કાર્યવાહી કરેલ હોવાનુ જણાઈ આવે છે. જયારે ત.ક.અધિકારી બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, આ ગુનાનાં કામે કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધેલા નથી.
વધુમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના આરોપીઓ અને ફરીયાદી વચ્ચે સામસામે પોલીસ ફરીયાદો થયેલી, જેની તપાસ પણ હાલના સાહેદે કરી, ચાર્જસીટો નામ. કોર્ટમાં દાખલ કરેલી. આમ, બંને પક્ષકારો વચ્ચે સામસામે ફરીયાદો થયેલ અને જં

બુસર કોર્ટમાં તેની ચાર્જસીટો દાખલ થયેલ અને સદર આંક–૬૪ વાળા સાહેદની જુબાનીથી બંને કેસોમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાની હકીકતનો સ્વીકાર થયેલ હોય જે પૈકી ફોજદારી કેસ નં. ૧૨૬૭/૧૬ સમાધાનથી નિકાલ થયેલ અને હાલનો કેસ બાકી રહેલ જેનો નિકાલ પણ સમાધાનથી કરવાનુ નકકી થયેલ તેવી સમજુતી તેઓએ કરેલ હોવાની હકીકત રેકર્ડ પર રજુ થયેલ પુરાવાથી પુરવાર થાય છે. .

આમ, સમગ્ર પુરાવો એકીસાથે જોવામાં આવે તો, ફરીયાદીને દાંતી વડે થયેલ ઈજા બાબતે તથા ઉકત ચર્ચા કર્યા મુજબ અન્ય મહત્વની બાબતો પ્રત્યે વિરોધાભાષ અને વિસંગતતા રેકર્ડ ઉપર આવેલ છે અને હાલનાં કામે ત.ક.અધિકારી દવારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ ન હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે, જેથી સ્વતંત્ર સાહેદોનાં પુરાવાના અભાવે પણ ફરીયાદપક્ષનાં કેસ અંગે શંકા ઉત્પન્ન થાય છે. આમ, બનાવ તારીખે, સમયે અને સ્થળે ઉપરોકત જણાવ્યા મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને ઈ.પી.કો. કલમ–૩૨૩ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૮) હવે ઈ.પી.કો.કલમ–૫૦૪ બાબતે ફરીયાદપક્ષનાં કેસની હકિકત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામનાંઆરોપીઓએ ફરીયાદીને ગાળો બોલેલાની હકિકત ફલીત થાય છે, પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું ઝીણવટપૂર્વક મુલ્યાંકન કરી વંચાણે લેવામાં આવે તો, આરોપીઓએ શું ગાળો આપેલ તેવી કોઈ હકિકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી. આમ, આરોપીઓ દવારા ગાળો આપેલ તેમાં શું શબ્દો બોલેલા તે રેકર્ડ ઉપર આવતું નથી. ઈ.પી.કો.કલમ–૫૦૪નાં આવશ્યક તત્વો જોતા ખરેખર આરોપીઓ કયાં શબ્દો ગાળોમાં બોલેલા અને તેનાં કારણે ફરીયાદી તથા સાહેદોને ઉશ્કેરાટનું કારણ મળેલ હોય કે જાહેર શાંતિનો ભંગ થયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવતું નથી. આ તબકકે <u>નામ. ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧) જી. એલ. એચ. ૩૩૭ પર પ્રસિધ્ધ પ્રવિણભાઈ બેચરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>નાં ચુકાદામાં જે તારણો નોંધવામાં આવેલ છે તે ધ્યાનમાં લેતા હાલનાં કામે ઈ.પી.કો. કલમ–૫૦૪

મુજબનાં તત્વો સંતોષાતા નથી જેથી આરોપીઓને તે સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

વધુમાં, આરોપીઓ સામે જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો આક્ષેપ છે તે બાબતે રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલી તેમ જણાવેલ છે અને ફરીયાદપક્ષે ફરીયાદીનાં પુત્ર તથા ફરીયાદીની પુત્રવધુને સાહેદ તરીકે તપાસેલ છે, તેઓ બનાવ સમયે હાજર ન હોવા છતાં અને તેઓ પોતાનાં પુરાવામાં આરોપીઓએ ફરીયાદીને ધમકી આપેલ હોવાની હકિકત જણાવેલ છે, પરંતુ ચોકકસ શબ્દોમાં શું ધમકી આપેલ તેવી કોઈ હકિકત જણાવેલ નથી તેમ છતા હાલનાં તબકકે એવું અનુમાન કરવામાં આવે કે આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી કોઈ કામ કરવાનું કહેલ તો તે સંજોગોમાં આરોપીની ધમકીનાં કારણે ફરીયાદીને ખરેખર ભયની ઘંટડી બજતી હોય તેવું લાગ્યુ હતું કે કેમ ? અને તેઓની ઉપર ધમકીની કોઈ અસર હતી કે કેમ ? તેમજ તે ધમકીની અસર હેઠળ તેઓએ કોઈ કૃત્ય કે કાર્યલોપ કરેલ કે કેમ ? તે પણ સાબીત થવું જોઈએ, પરંતુ સમગ્ર રેકર્ડ જોતા તેવી કોઈ હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી આ કામનાં આરોપીઓને ઈ. પી. કો. કલમ–૫૦૬(૨) મુજબનાં ગુના સબબ પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

વધુમાં આ કામે ફરીયાદપક્ષે જી.પી.એકટની કલમ–૧૩૫ ના ભંગ બદલ આરોપીઓ સામે ચાર્જસીટ રજુ કરેલ છે પરંતુ આ કામે ફરીયાદપક્ષે કોઈ જાહેરનામુ રજુ કરેલ નથી. જેથી જી.પી.એકટની કલમ–૧૩૫ નો ભંગ થયેલ હોય તે સમયે કોઈ જાહેરનામુ અમલમાં હતુ કે કેમ તેવો પુરાવો ફરીયાદપક્ષે આ કામે રજુ કરેલ નથી. જેથી સદર જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાનુ પુરવાર થતુ નથી.

(૧૯) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષ આરોપી સામે આક્ષેપાયેલા **આંક–૦૨** નાં તહોમતનામાં મુજબનાં ગુનાનાં આવશ્યક તત્વો મુજબનો પુરાવો રજુ કરી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી **મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમા''** ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયનાં વિશાળ

હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** આ કામનાં આરોપી નં. (૧) કાલીદાસ ચંદ્રસિંહ કોઠીયા, ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી, (૨) જગદીશસિંહ નટવરસિંહ કોઠીયા, ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી, બંને રહે. કોરા ખડકી ફળીયું, તા. જંબુસર, જિ. ભરૂચ, (૩) પ્રતાપભાઈ રમણભાઈ પરમાર, ઉ. વ. પુખ્ત, ધંધો–ખેતી, રહે. કહાનવા, બંગલાવગા, તા. જંબુસર, જિ. ભરૂચ, (૪) ચંદાબેન ચંદ્રસિંહ કોઠીયા, ઉ. વ. પુખ્ત, ધંધો – ખેતી, રહે. કોરા ખડકી ફળીયું, તા. જંબુસર, જિ. ભરૂચનાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે રજુ મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ દાંતીનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૩)** સી. આર. પી. સી. કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચકરો અપીલના સમયે માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો પ્રત્યેક આરોપીએ અપીલના સમય માટે રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) નાં નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ : ૨૫ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૨૫/૦૩/૨૦૨૬<br>સ્થળ : જંબુસર | **( એ. ડી. રાવ )**<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.<br>કોડ નં. જી.જે. ૦૧૪૮૦ |